# હોળીનો ઉત્સવ:

શ્રી રામકબીર ભકત સમાજ ઓફ સધર્ન કેલીફોર્નીઆએ આ વર્ષનો હોળીનો ઉત્સવ, લોસ એંજલસથી પશ્ચિમમાં આવેલા રમણિય પસિફીક મહાસાગરના દરિયાકિનારે, શનીવાર, માર્ચની ૩જી તારીખે અનોખી રીતે ઉજવ્યો. નાના નાના બાળકોથી માંડી આપણા વડીલોની સાથે બપોરના એક વાગ્યાથી શરૂઆત કરી સાંજે સૂર્યાસ્ત સુધી આનંદ અનુભવ્યો.

સદગૂરૂ કબીર સાહેબની કૃપાથી એ દિવસનું હવામાન પણ સરસ રહ્યું. નાસ્તા પાણીથી માંડી પિકનિક તેમજ હોળી પ્રગટાવવા માટેની સર્વ તૈયારીઓ સાથે સમાજના યુવાન કાર્યકર્તાઓ એમના પરિવાર સાથે વહેલા આવી પહોંચ્યા હતાં. બે વાગે તો મોટાભાગના ભકતજનો આવી ગયા હતાં. નાના નાના બાળકો પણ બીચ ઉપર હરતા ફરતા નજરે પડતા હતા. કોઈ રેતીમાં રમતા હતા, તો કોઈ બાળકો દરિયાના પાણીમાં ગમ્મત કરી રહ્યા હતાં.

ફાફડા, જલેબી, મરચા, સેન્ડવીચ, અનેક જાતની ચીપ્સ અને સાલ્સા જેવી વાનગીઓથી શરૂઆત કરી રમતગમતની મઝા માણી. અનેક પ્રકારની રમતોની સાથે નાના બાળકોથી માંડી એમના માતા પિતાએ બીચ ઉપર આનંદ માણી હોળીના આ અનોખા અવસરને ઉજવ્યો.

હોળી એટલે રંગોનો ઉત્સવ–તહેવાર. રંગ વગરની હોળી એટલે મીઠા વગરનું ભોજન. અનેક પ્રકારના રંગોની તૈયારી સાથે આવેલા કાર્યકર્તાઓએ આનંદ માણવા આવેલ દરેક ભકતજનોને રંગનો છંટકાવ કરી ઉત્સવની ઉજવણી કરી. દરેક ભકતજન ખુશ ખુશાલ નજરે પડ્યા હતા. કોઈ લાલ લીલા તો કોઈ પીળા અને કેસરી રંગથી રંગાઈ ગયા. બાળકોથી માંડી વડીલો અને નાની નાની બાલિકાથી લઈ બહેનોએ પણ રંગથી રંગાઈ ખુબ જ આનંદ વ્યકત કર્યો.

હોળીનો ઉત્સવ રંગ અને અગ્નિ વિના અધુરો કહેવાય. એટલે સમય થતા જ વડીલોએ હોળી પ્રગટાવવા માટેની તૈયારીઓ શરૂ કરી. લાકડાઓ લાવી હોળી પ્રગટાવી. આપણી સંસ્કૃતિ મુજબ હોળીમાં નાળીયેર હોમી એને સમય થયા બાદ શોધી એનો પ્રસાદ લીધો. સૌને એમના દેશ ભારતમાં ઉજવેલી હોળીના પ્રસંગની યાદો તાજી કરી.

સાંજ પડતા એક અદભૂત પ્રસંગનો લહાવો પણ મળ્યો. પ્રશાંત મહાસાગરમાં ડૂબતા સૂરજને જોવાનો આ અનેરો પ્રસંગ સૌને જોવા મળ્યો. જેને આપણે સુંદર સૂર્યાસ્ત કહીએ છીએ, એ દ્રશ્ય જોઈ સૌ આનંદ વિભોર થઈ ગયા.

હોળી, પિકનિક અને ભકત સમાજ એટલે ભોજન તો હોય જ. ગરમ ગરમ ખીચડી અને કઢીનું ભોજન લીધા બાદ સૌ ભકતજનો આવા ઉત્સવનું ફરી આયોજન કરવા સમાજના કાર્યકર્તાઓને સૂચન કરી છુટા પડ્યા.

**શ્રી રામકબીર ભકત સમાજ ઓફ યુ. એસ. એ. ની જનરલ મીટીંગનો અહેવાલ:**
**સેક્રેટરી–શ્રી સંજય ભકત**

રામકબીર !

૨૦૦૫–૨૦૦૬ના વર્ષની વાર્ષિક સાધારણ સભા આપણા ભકત કલ્ચરલ સેંટર, નોરવોક ખાતે રાખવામાં આવી.

સભાની શરૂઆતમાં શ્રીમતી બાગેશ્રી બિમલભાઇ ભકત –ડાઉની,એ તબલા અને હારમોનીયમ સાથે કબીરા અને પિયુ બોલે, એવા ભકિતગીત અને સંગીત સંભળાવી સૌને આવકાર્યા.

શ્રી રામકબીર ભકત સમાજ ઓફ સધર્ન કેલીફોર્નીઆના પ્રમુખ શ્રી નરેશભાઈ ભકત દ્વારા આ સભામાં આવનાર દરેક ભકતજને આવકારી, આપણા શ્રી રામકબીર ભકત સમાજ ઓફ યુ. એસ. એ. તેમજ શ્રી રામકબીર ભકત સમાજ ઓફ સધર્ન કેલીફોર્નીઆના ના ભૂતપુર્વ પ્રમુખો અને ભૂતપુર્વ અને હાલના ટ્રસ્ટીઓને ફૂલોથી સ્વાગત કરી સભાની શરૂઆત કરી. શ્રી રવિન્દ્રભાઇ ગોરધનભાઇ પટેલની આજની સભાના પ્રમુખ તરીકે વરણી કરી.

**<u>પ્રમુખનું નિવેદન:</u>** આપણા સમાજના પ્રમુખશ્રી ભાસ્કરભાઈએ, ભકત યુથ કોન્ફરન્સ –૨૦૦૬ અને પ્રથમ મહિલા સંમેલન જેવા બે સફળ કાર્યક્રમો યોજવા માટે શ્રી રામકબીર ભકત સમાજ ઓફ સધર્ન કેલીફોર્નીઆને અભિનંદન પાઠવ્યા. તેમજ આપણા ભકત કલ્ચરલ સેંટર ઉપર ગત વર્ષમાં થયેલા કાર્યક્રમો અને વિવિધ પ્રસંગો માટે પણ અભિનંદન આપ્યા.

**<u>સેક્રેટરીનો અહેવાલ</u>**: શ્રી સંજયભાઈએ યુ. એસ. એ ભકત સમાજના ટ્રસ્ટીઓની ગયા વર્ષમાં મળેલી બે મીટીંગોનો હેવાલ આપ્યો. શ્રી રામકબીર ભકત સમાજ ઓફ યુ. એસ. એ.ના બાય લોઝમાં અત્યાર સુધીના ટ્રસ્ટી મંડળે કરેલા સુધારાઓને હાજર રહેલા ભકતજનો સમક્ષ રજુ કરી, સમજાવી, વિચાર વિમર્શ કરી સર્વાનુમતે મંજુર કર્યા.

**<u>ખજાનચીનો અહેવાલ:</u>** શ્રી રોશનભાઈએ આપણા સમાજનો નાણાકિય હેવાલ રજુ કર્યો, જેને સભાએ મંજુરી આપી.

**<u>ભકત કલ્ચરલ સેંટરનો અહેવાલ:</u>** શ્રી નરેશભાઈએ સેંટર પર થયેલી તમામ સાંસ્કૃતિક તેમજ ધાર્મિક કાર્યક્રમોની વિગતવાર માહિતિઓ આપી.

<u>રમતગમત સમિતિનો અહેવાલ:</u> ગત વર્ષમાં કોઈપણ પ્રકારની રમતો નહીં યોજાય એ બાબતમાં થોડી ચર્ચા કરી એ અંગે ઘટતું કરવા જણાવ્યું.

<u>નવા ટ્રસ્ટીઓની નિમણુંક</u>: સાન એન્ટોનીઓ ભકત સમાજના શ્રી કિરિટભાઈ દેશાઈ અને ભકત સમાજના શ્રી સુરેશભાઈ ભકતની બે નવા ટ્રસ્ટીઓ તરીકે વરણી થઈ. મુદત પુરી થતા શ્રી દિનેશભાઈ ભકત–સાન એન્ટોનીઓ અને શ્રી શૈલેશભાઈ ભકત–મીનેસોટા,નો એમણે આપેલી સેવા માટે સમાજ વતી શ્રી સંજયભાઈએ આભાર માન્યો.

**ઓપન ફોરમ:**

૧. આ વર્ષની સભામાં ભકતજનોની હાજરી પ્રમાણમાં ઓછી રહી. એ એક ચિંતાનો વિષય કહી શકાય. એ અંગે ભકતજનો તરફથી વિવિધ સૂચનો આવ્યા જેની નોંધ સમાજના ટ્રસ્ટીઓએ લીધી.

૨. એક ભકતજને સમાજમાં એકતા સ્થાપવા માટે એમના અંગત અભિપ્રાય રજુ કર્યા. બીજા ભકતજનો એ પણ આ વિષય ઉપર પોતાના વિચારો પણ રજુ કર્યા.

૩. શ્રી ગોવિંદભાઇ ભકત, સદગૂરૂ શ્રી કબીર સાહેબ ઉપર એઓ શ્રી એક પુસ્તક લખી રહ્યા છે, એ અંગે ખુલાસો કરી બંને ભાષાઓમાં પ્રકાશિત કરવા ભલામણ કરી.

૪. અંતમાં સમાજના પ્રમુખશ્રી ભાસ્કરભાઈએ હાજર રહેલા ભકતજનોનો આભાર માની સભાને પૂર્ણ થયેલ જાહેર કરી.

૫. સખી મંડળે બનાવેલ સ્વાદિષ્ટ વેડમી અને કઢી ભાતનું સુંદર ભોજન લીધું. સખી મંડળની બહેનોનો ખૂબ ખૂબ આભાર

## શ્રી રામકબીર ભકત સમાજ ઓફ યુ. એસ. એ. ના ટ્રસ્ટીઓની પ્રથમ મીટીંગનો અહેવાલ:

સેક્રેટરી–શ્રી સંજય ભકત

શ્રી રામકબીર ભકત સમાજ ઓફ યુ. એસ. એ.ના ટ્રસ્ટીઓની પ્રથમ મીટીંગ ડિસેમ્બર ૧૬, ૨૦૦૬ના રોજ ભકત કલ્ચરલ સેંટર, નોરવોક ખાતે મળી.

નીચે જણાવેલ ટ્રસ્ટીઓ હાજર હતાં.

| | | |
|---|---|---|
| ૧. | શ્રી ભાસ્કરભાઇ ધીરજભાઇ ભકત | હ્યુસ્ટન |
| ૨. | શ્રી સંજયભાઇ ભુલાભાઇ ભકત | જ્યોર્જીઆ–ફલોરીડા |
| ૩. | શ્રી સતીશભાઇ નરસિંહભાઇ ભકત | સાઉથ વેસ્ટ |
| ૪. | શ્રી રોશનભાઇ હસમુખભાઇ ભકત | સધર્ન કેલીફોર્નીઆ |
| ૫. | શ્રી કિરિટભાઇ ગોકળભાઇ દેશાઇ | સાન એન્ટોનીઓ |
| ૬. | શ્રી સુરેશભાઇ ડી. ભકત | મીનેસોટા |

નોર્ધન કેલીફોર્નીઆ, કોર્પસ ક્રિસ્ટી, ડલાસ, વીચીટા અને મીડવેસ્ટ સમાજના ટ્રસ્ટીઓ ગેરહાજરહતા.

**આ વર્ષના નવા હોદેદારો:**

| | | | |
|---|---|---|---|
| પ્રમુખ: | શ્રી ભાસ્કરભાઇ ધીરજભાઇ ભકત | ઉપ પ્રમુખ: | શ્રી સતીશભાઇ નરસિંહભાઇ ભકત |
| સેક્રેટરી: | શ્રી સંજયભાઇ ભુલાભાઇ ભકત | જોઇન્ટ સેક્રેટરી: | શ્રી સુરેશભાઇ ડી. ભકત |
| ખજાનચી: | શ્રી રોશનભાઇ હસમુખભાઇ ભકત | જોઇન્ટ ખજાનચી: | શ્રી કિરિટભાઇ ગોકળભાઇ દેશાઇ |

**<u>વિવિધ સમિતિઓ:</u>**

**<u>સ્પોર્ટસ કમીટી:</u>** શ્રી સતીશભાઈ ભકતઅને શ્રી રોશનભાઈ ભકત

**<u>ભકતવાણી---</u>**ન્યુઝ લેટર-કબીરવાણી: શ્રી ભાસ્કરભાઈ ભકત, શ્રી કિરિટભાઈ દેશાઈ અને શ્રી જગદીશભાઈ ભકત

**<u>એજ્યુકેશન:</u>** શ્રી કિરિટભાઈ દેશાઈ, શ્રી જગદીશભાઈ ભકત અને શ્રી સુરેશભાઈ ભકત

**<u>યુથ વિભાગ</u>**: શ્રી રોશનભાઈ ભકત, શ્રી સતીશભાઈ ભકત અને શ્રી મનહરભાઈ હરીભાઈ ભકત

**<u>ભકત ડિરેકટરી -૨૦૦૮:</u>** આવતા વર્ષે ડિરેકટરી બહાર પાડવા નકકી કરવામાં આવ્યું. દરેક સભ્ય ફી ભરનાર મેમ્બરને એક ડિરેકટરી મફત અને નોન મેમ્બરને ડિરેકટરી દીઠ ૫૧ ડોલર લઈ આપવાનું નકકી થયું. તેમજ વધારાની ડિરેકટરી પણ ૫૧ ડોલર આપ્યા બાદ જ મળી શકશે. યુ. એસ. એ. સમાજના ટ્રસ્ટીઓ થકી વહેંચવાનું નકકી કરવામાં આવ્યું. શ્રી નરેશભાઈ ભકત-એલ મોન્ટીને માહિતિઓ ભેગી કરવાની જવાબદારી સોંપી.

**<u>ભકત.કોમ</u>**: શ્રી નરેશભાઈ ભકત આ કામ સંભાળશે. ભકત સંદેશ મારફત સમાજના સમાચારો ભકતજનોને જણાવવા પરવાનગી આપી. કબીરવાણીના તંત્રી અને ભારતના ભકત સમાજના પ્રમુખ સાથે, આપણા સમાજના પ્રમુખશ્રી ભાસ્કરભાઈ ભકત મળી અમેરિકાના ભકત સમાજના સમાચારો કબીરવાણીમાં નિયમિત છાપી શકાતા હોય તો એ અંગે તપાસ કરવાની મંજુરી આપી.

સમાજના નાણાકિય વર્ષની તારીખની ફેરબદલી અંગે શ્રી રોશનભાઈ ભકત તપાસ કરી બોર્ડને માહિતિઓ આપશે.

અંતમાં પ્રમુખશ્રી ભાસ્કરભાઈએ સૌ ટ્રસ્ટીઓનો આભાર માની મીટીંગ બરખાસ્ત કરી.